# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૯/૦૩/૨૦૨૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૬૯/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૨૩૪ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૬ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૭૦/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૩૭૧/૨૦૨૫

**ચાંદખેડાઃ** નટવરભાઇ બાબુભાઇ પ્રજાપતિ (ઉ.વ.૭૫) (રહે. ગોકુળ કો.ઓ.હાઉસિંગ સોસાયટી શુભ સોનલ સોસાયટી સામે આઇ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૧/૨૦૨૫ સાંજના ૫/૦૦ થી રાતના ૧૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી જરૂરી દસ્તાવેજ તેમજ સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- તથા રોકડ રૂપિયા ૪૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૮,૦૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.આહીર ચલાવે છે.

### મંદિરમાંથી ચોરીઃ- સમાચાર યાદી નં.૩૭૨/૨૦૨૫

**સોલા હાઈકોર્ટઃ** સુરેશભાઈ સ/ઓ દિનેશજી ઠાકોર (રહે. સોલાગામ જુનોભાડજ રોડ ઠાકોર સોસાયટી સામે સોલા ગામ) એ તા.૧૮/૦૩/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૩/૨૦૨૫ બપોરના ૧/૦૦ થી ૩/૩૦ વાગ્યા પહેલા સોલા સિવિલ મુખ્ય દરવાજાની બાજુમાં આવેલ મેલડી માતાના મંદીરમાંથી દાન પેટી કિમત રૂપિયા ૩૦૦/- તથા દાનપેટીમાં આશરે રોકડ રૂપિયા ૫૦૦૦/- હતા, જે દાનપેટી અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૭૩/૨૦૨૫**

**વાડજઃ** ચેતનભાઇ હીરાભાઈ ચાવડા (ઉ.વ.૨૮) (રહે. સૌરાષ્ટ્ર શ્રમજીવીના છાપરાં તુલસીનગર જુના વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૩/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

**નિકોલઃ** ભાવનાબહેન વા/ઓ જયંતિભાઈ પટેલ (ઉ.વ.૫૨) (રહે. અભિનવ રેસીડેન્સી વેદાંત સ્કુલ પાસે ન્યુ.ઈન્ડીયા કોલોની નિકોલ) એ બિમારીથી કંટાળી તા.૧૮/૦૩/૨૦૨૫ સવારના ૧૧/૧૫ વાગ્યાના સુમારે રહેણાંક ફ્લેટના ધાબા ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.કટારા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી